| Publication : Divya Gujarat | Date : July 4, 2020 |
|---|---|
| Edition : Ahmedabad | Page No. : 3 |



# ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે વીડિયો KYC એકાઉન્ટ શરૂ કર્યું

૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી બેંકિંગ આઉટલેટની સંખ્યાની દ્રષ્ટિએ ભારતમાં સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક ("SFB") ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ (“બેંક”) (સ્રોતઃ ક્રિસિલ રિપોર્ટ). દેશમાં વીડિયો KYC એકાઉન્ટ શરૂ કરનાર અગ્રણી બેંકો પૈકીની એક બની છે. આ એક વેબ એપ્લિકેશન છે, જેની ડિઝાઈન વીડિયો કોલ મારફતે રિમોટ વેરિફિકેશન પ્રોસેસ હાથ ધરવા માટે બનાવવામાં આવી છે. વીડિયો કોલ રિલેશનશિપ એક્ઝિક્યુટિવના ડોમેનમાંથી ટ્રિગર થાય છે અને વીડિયો કોલ માટે રેકોર્ડિંગ સ્ટોર થશે. ગ્રાહકનું વેરિફિકેશન કરવા વીડિયો કોલ પર તેમની આધાર અને પેનની વિગતો સબમિટ કરવી પડશે.

બેંકે એપ પર મોટા ભાગની સેવાઓ ડિલિવર કરવા એની મોબાઈલ બેંક એપને રિવેમ્પ કરી છે. ઉપરાંત બાકીની સેવાઓને એપ પર સમાવવા કામ ચાલુ છે. આ સૌથે દેશમાં કોઈ પણ જગ્યાએ કોઈ પણ વ્યક્તિ ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક સૌથો સેવિંગ્સ એકાઉન્ટ ખોલાવી શકે છે, બેંકના કર્મચારી સાથે વીડિયો દ્વારા ફૂલ KYC પૂર્ણ થાય છે અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ડૂ ઈટ યોરસેલ્ફ (DI Y) સેવાના લાભ મળવાની શરૂઆત થાય છે તેમજ પોતાના સેવિંગ્સ એકાઉન્ટ બેલેન્સ પર ઈક્વિટાસ દ્વારા વ્યાજનાં વધારે સારાં દર ઓફર થાય છે.